NAVSARI AGRICULTURAL UNIVERSITY

સંશોધન નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, નવસારી- ૩૯૬ ૪૫૦

વંચાણે લીધા :

૧. ગુજરાત સરકાર ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ, સચિવાલય, ગાંધીનગર તા.૦૩/૦૨/૨૦૨૧
૨. અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક :જા.નં.નકૃયુ/સંનિ/૯૦૦૪-૯૦૨૯/૨૦૨૧ તા.૩૦/૧૦/૨૦૨૧
૩. અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક :જા.નં.નકૃયુ/સંનિ/GeM/NOC/6354-79/2021 તા.૦૬/૦૮/૨૦૨૨

-::ખુબજ અગત્યનું::-

GeM બહાર ખરીદી કરવા NOC માટે માહિતી મોકલી આપવા બાબત....

# -:: પરિપત્ર ::-

આથી નવસારી કૃષિ યુનિવર્સીટીના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધેલ ઠરાવ ક્રમાક ૧ અને અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાક ૨ મુજબ GeM પોર્ટલ સિવાય રૂ.૨૫૦૦૦ થી વધુની કિંમતની ખરીદી કરવા માટે ખરીદ કર્તા કચેરીએ ખાતાના વડા મારફતે ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરીને દરખાસ્ત કરવાની રહે છે.

હાલમાં GeM પોર્ટલ પર રૂ. ૫ લાખથી નીચેની કિંમત નાં Customised Bid અથવા BOQ બીડની સુવિધા બંધ કરવામાં આવેલ હોય, યુનિવર્સિટીના વિવિધ વિભાગો કચેરીઓને રૂ. ૫ લાખ થી નીચેની ખરીદીમાં મુશ્કેલી પડતી હોવાની બાબત ધ્યાન પર આવેલ છે. જેથી આપની કચેરી-વિભાગ ખાતે ખરીદ કરવાની થતા રૂ.૨૫૦૦૦ થી ઉપરના અને રૂ. ૫ લાખથી નીચેની કિંમતના સાધનો-વસ્તુઓ કે જે GeM પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય તે અંગે ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરીથી GeM બહારથી ખરીદ કરવાની NOC લેવાની થાય છે.

આમ ઉપર દર્શાવ્યા મુજબ રૂ. ૨૫૦૦૦ થી ૫ લાખ સુધીની કિંમતની કોઈ ચીજવસ્તુઓ જો GeM પર ઉપલબ્ધ થતી ન હોય તો સદર વસ્તુઓ માટે નિયમાનુસાર "Category Create" કરવાની Request કરવી. જેનો Screenshot આધાર તરીકે જોડી સદર વસ્તુઓ પત્રક-૧ માં ભરી સહી સિક્કા સાથેની સ્કેન કોપી તથા ગુજરાતી શ્રુતિ ફોન્ટમાં સોફ્ટ કોપી અત્રેની કચેરીના ઈમેઈલ gem@nau.in **પર** માત્ર ઇ-મઇલ દ્વારા જ તા.૧૪/૦૨/૨૦૨૨ ના બપોરના ૧૨:૦૦ કલાક સુધીમાં અચુક મોકલી આપવા જણાવવામાં આવે છે. વધુમાં વંચાણે લીધેલ પરિપત્ર નં.૩ અનુસંધાને મોકલાવેલ ચીજવસ્તુઓ કે જેની NOC હજુ મેળવવાની બાકી હોય તે પણ સદર માહિતીમાં ફરીથી મોકલી આપવી.

નિયત સમય મર્યાદામાં અત્રેની કચેરીને માહિતી નહિ મળે તો માહિતી શૂન્ય ગણવામાં આવશે જેની સંપુર્ણ જવાબદારી જે-તે કચેરીના વડાની રહેશે.

નોંધ :- ૧) સદર માહિતી માત્ર ઉકત ઇ-મેઈલ આઇડી પરજ મોકલવી.
૨) પત્રકમાં કોઇ પણ પ્રકારનો સુધારો કરવો નહી.

જા.નં.નકૃયુ/સંનિ/આયોજન/GeM/ ૧૨૫-૭૫ /૨૦૨૨
તા.૧૦.૦૨.૨૦૨૨
સામેલ: પત્રક ૧

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ

નકલ રવાના:

૧. યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતું થવા સારૂ.

પત્રક-૧

| ક્રમ નં. | ચીજ વસ્તુઓનું નામ | નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં સદર વસ્તુની ખરીદીમાં થયેલ ખર્ચ (રૂ|.લાખમાં) (જો હોય તો) | નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં થનાર અંદાજીત ખર્ચ (રૂ|.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | | | |

ઉપાડ અને ચુકવણા અધિકારીની
સહી અને સિક્કો

કચેરીના વડાની
સહી અને સિક્કો